**Udani Shital Vinodrai**
179/C, 50 Variya, Substation Road,
Sardarnagar, **Bhavnagar.**
Cell no : 9574333285
Disability : Orthopedic Handicapped



## DISABLED BY HAND & LEG

After undergoing computer training in AT&T Technology Park I got a job in Diamond Company where I act as a Data–entry man for incoming and outgoing materials.

Since the place of job was far, my expenses for to and fro travels in Rixo were more. So I left the job. But I cannot forget the contribution of AT&T Park for enabling me to try for other suitable job.

## હાથ અને પગ બંનેથી વિકલાંગતા

હું હાથ અને પગ બંનેથી વિકલાંગતા ધરાવું છું. એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં તાલિમ બાદ, ભાવનગરની એક ડાયમંડની ઓફિસમાં, હિરાની આવક-જાવકની કોમ્પ્યુટરમાં એન્ટ્રીનું કામ કરવાની તક મને મળી હતી.

મારા ઘરથી આ ઓફિસ ખૂબ દૂર હતી અને હું ગાડી ચલાવી શકું તેમ ન હોવાથી રિક્ષામાં આવન જાવન કરવી પડતી. મારા પગારમાંથી મોટાભાગની રકમ રિક્ષાભાડામાં જતી હોવાથી, મારે નોકરી છોડવી પડી.





## Chavda Prakash Damjibhai



Plot no. 24/F, Chandramauli Society,
Shivaji circle, **Bhavnagar.**
Cell no : 9998302890
Disability : Orthopedic Handicapped
Monthly Income : Rs. 30,000

## REALLY, THESE ARE NOT MY ACHIEVEMENTS...!

At the age of 3, I became victim of polio. I was in dilemma as to how my life will be! Family responsibility also made me nervous. Completion of study will not fetch me a job. Computer skill was a must for any job nowadays. On knowing about AT&T Technology Park rendering computer skills, I joined it.





Before this I had joined a private computer class but I didn't learn much. I learnt here computer skills and many other important things. My computer skill brought me a job in Vasant Outsourcing Center of PNR Society. Subsequently, I worked in Yash DG Ad as designer. I also worked also in AT&T and B.P.T.I. as faculty.

I was now confident of my ability. I thought of my own business. Presently I am running 'Kashish' Graphics. My wife is also disabled. I have employed an Assistant whom I pay Rs. 4,000 per month. My wife also helps me. I am now earning Rs. 30,000 per month. Considering my these accomplishments I was felicitated by an Award by PNR Society. I believe, these are not my achievements but of AT&T Technology Park. I am grateful to this organization.

## ખરેખર, આ મારી સિદ્ધિઓ નથી !

૩ વર્ષની ઉંમરે તાવ આવતા, પોલિઓને કારણે બંને પગે વિકલાંગતા આવી ગઈ. પરિવારની સઘળી જવાબદારી પણ મારા પર આવી પડેલી. માત્ર અભ્યાસ પૂરો કરવાથી નોકરી નહીં મળે કે કોઈ કામ નહીં આપે. કારણ કે કોમ્પ્યુટર યુગની શરૂઆત થઈ ચૂકી હતી. એ.ટી.એન્ડ ટી.ના કોર્સમાં દાખલ થયો. કારણ કે અહીં દાખલ થતાં પહેલાં, એક પ્રાઈવેટ કોમ્પ્યુટર કલાસિસમાં મેં કોર્સ કરેલો, પણ ત્યાં વિશેષ કંઈ શીખવા મળ્યું હતું નહીં. અહીં કરેલા કોર્સથી મારામાં હિંમત વધી, કારણ કે કોમ્પ્યુટરમાં મારી આવડત વધતી જતી હતી. મારી આવડતનું પરિણામ મને મળ્યું. પી.એન.આર. સોસાયટીના "વસંત આઉટ સોર્સિંગ સેન્ટર"માં કામ કરવાની તક મળી.

ત્યારબાદ, યશ ડીજી એડ, ભાવનગરમાં ડિઝાઈનર તરીકે ઓફર મળતાં, ત્યાં કામ કર્યું. સર ભાવસિંહજી પોલીટેકનિક ઈન્સ્ટિટયુટ તથા એ.ટી.એન્ડ ટી.માં ફેકલ્ટી તરીકે કામ કરવા મળ્યું.

પછી મને લાગ્યું કે નોકરી કરતાં મારો પોતાનો વ્યવસાય શરૂ





કરીશ તો વધુ કમાઈ શકીશ. આથી મારા ઘરમાં જ "કશીશ ગ્રાફિકસ" નામથી ડિઝાઈનિંગ અને પ્રિન્ટીંગ કામ હું કરી રહયો છું. આ કામમાં એક વ્યકિતને મેં આસિસ્ટન્ટ તરીકે નોકરીએ રાખેલ છે, જેને હું રૂ.૪૦૦૦ પગાર આપું છું. મારી પત્ની પણ વિકલાંગ છે. તે પણ મને આ વ્યવસાયમાં મદદરૂપ થાય છે. મારી સિધ્ધિઓને લક્ષ્યમાં લઈ, પી.એન.આર.સોસાયટીએ મને એવોર્ડ પણ આપ્યો. ખરેખર આ મારી સિધ્ધીઓ નથી ! સંસ્થાની જ સિધ્ધિ છે.



## Makwana Mukesh Shamjibhai

Village : **Bhadrod,** District : Bhavnagar
Cell no : 9727963077
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 2,000



## AT&T PARK MADE ME WHAT I AM TODAY

There were no computer classes in my town. Having learnt about AT&T Technology Park rendering computer skills to the disabled youth, I immediately joined. Not only computer operators skills but I got also knowledge about how to apply and search suitable opening. I am in medical store preparing bills. My monthly salary is Rs. 2,000. I thank the AT&T Tech. Park for training in computer and all other assistance.





## સંસ્થામાં મારું ઘડતર થયું

અમારા ગામમાં કોમ્પ્યુટર કલાસીસ ન હતાં, એટલે કોમ્પ્યુટર શીખવા મળતું ન હતું. એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં વિકલાંગોને કોમ્પ્યુટર શીખવવામાં આવે છે તેવી માહિતી મળ્યા બાદ, મેં અહીં કોમ્પ્યુટર બેઝિક, ડી.ટી.પી. અને ફોટોશોપનો કોર્સ કર્યો. મને કોમ્પ્યુટર વિશે ઘણું જ્ઞાન મળ્યું, જે મને નોકરી મેળવવામાં ઉપયોગી થશે તેવી આશા છે.

અહીં મને અરજી કરતાં શીખવવામાં આવ્યું. અંગ્રેજી શીખવવામાં આવ્યું. મારા માટે નોકરી મેળવવી ખૂબ જ મુશ્કેલ હતી, પરંતુ સંસ્થામાં મારું ઘડતર થયું.

હાલમાં હું રીકીલ મેડિકલ સ્ટોર, ભાવનગરમાં નોકરી કરું છું. મને રૂા. ૨૦૦૦/- પગાર મળે છે.

**Gopang Reshma Jivnakha**
50 Variya, Near Water tank,
Virpur Road, **Palitana.** Dist. Bhavnagar.
Cell no : 7383636038
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 6,000



## I WON'T BE A LIABILITY

Immediately after the birth, I had a fever. I became handicapped by both legs. When I used to see other girls of my age playing, I used to get simply nervous.

When I grew up, I decided, not to be a liability to my family or anybody. I studied upto college in spite of being 80% disabled and poor economic condition. Only God was my hope. Since computer skill has become indispensible in the present time, I decided to






learn computer operation. I had, however, no money. When I learnt about AT&T Tech. Park rendering computer skills to the disabled youth, I jumped to the opportunity.

I didn't learn only computer skills but also got valuable guidance for general English, Application drafting and training for interviews which is enable me to get job in Gujarat State Road Transport Corporation as Computer Operator.

## હું કોઈના ઉપર બોજો બનીશ નહીં

જન્મબાદ થોડા જ સમયમાં જ મને તાવ આવ્યો અને બંને પગે વિકલાંગતા આવી ગઈ. નાની ઉંમરે જ્યારે, મારી ઉંમરની અન્ય છોકરીઓને શેરીમાં રમતી જોતી, ત્યારે પડી ભાંગતી.

જયારથી સમજ આવી, ત્યારથી જ મેં મનોમન નક્કી કર્યું કે હું કોઈના ઉપર બોજો બનીશ નહીં. પરિવારની આર્થિક સ્થિતિ ખૂબ નબળી, ઉપરાંત ૮૦ ટકા વિકલાંગતા હોવા છતાં, મારા આત્મબળથી અને અલ્લાહની મહેરબાનીથી, કોલેજ સુધી હું ભણી. હાલના યુગમાં કોમ્પ્યુટર ખુબ જરૂરી બની ગયું છે. કોમ્પ્યુટર શીખવા માટેની રકમ મારી પાસે હતી નહીં. પરંતુ એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક દ્વારા મને કોમ્પ્યુટર શીખવામાં મદદ મળી.

સંસ્થાની જ હોસ્ટેલમાં રહેવાની વ્યવસ્થા થઈ ગઈ. મને ટ્રાયસિકલ પણ સંસ્થાએ આપી. સાથો-સાથ, મારા વ્યકિતત્વના ઘડતર માટે જનરલ ઈંગ્લીશ, એપ્લિકેશન ટ્રેઈનિંગ, ઈન્ટરવ્યુની તાલીમ મળી. જેથી હું ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી મેળવી શકી. હું હવે સ્વમાનભેર જીવી શકીશ. સંસ્થા દ્વારા અપાતી સહાય દરેક વિકલાંગો માટે આશીર્વાદરૂપ છે, એવું હું માનું છું.





## એ.ટી.એન્ડ ટી. ટેક્નોલોજી પાર્કમાં વિશેષ તાલિમ

### જોબ ઈન્ટરવ્યુ ટ્રેઈનિંગ

## Special Training at AT&T Technology Park

### Job Interview Training





## Degama Vaju Tapubhai

Village : **Devpara,**
Taluko : Than, District : Surendranagar
Cell no : 9727572582
Disability : Orthopedic Handicapped



### CAME FROM A DISTANCE OF 200 KM BECAUSE...

There was no facility of learning computer in our small village. The AT&T Technology Park is 200 km far from my native place. My strong desire to learn computer skills brought me to this institute. Further, it is training only disabled youth providing lodging and boarding facility. I had never seen such an institute. Along with computer skills this institute also coaches general English, how to apply for a job and how to appear in the interview. I am now confident the I will get an honorable job in the near future.

### ૨૦૦ કિ.મી. દૂરથી મેં અહીં એડમિશન લીધું કારણ કે...

અમારું ગામ નાનું હોવાથી, કોમ્પ્યુટર કલાસીસની કોઈ સુવિધા નથી. પી.એન.આર. સોસાયટી, ભાવનગરથી મારું ગામ અંદાજે ૨૦૦ કિ.મી. દૂર છે. તેમ છતાં મેં એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં એડમિશન લીધું, કારણ કે અહીં મળતી તાલિમ તથા સુવિધાઓ બીજે કયાંય મેં જોઈ નથી. કોમ્પ્યુટર ટ્રેનિંગની સાથે જનરલ ઈંગ્લીશ, એપ્લીકેશન ટ્રેનિંગ, ઈન્ટરવ્યુ ટ્રેનિંગ પણ અહીં મળતી હોવાથી, મને આશા છે કે સારી જોબ મળી શકશે.





## Bhokalva Hanu Hamirbhai

Village : **Nana Umarda,** Dist. : Botad
Cell no : 9574685140
Disability : Orthopedic Handicapped
Monthly Salary : Rs. 5,000



### PARENTS WERE LABOURERS BUT THEY MADE ME WHAT I AM TODAY

In spite of a strong desire to learn computer skill, I couldn't make it as economic condition was very poor. I was all the time looking for a facility to learn computer. As the luck would have its say, I came to know of AT&T Technology Park rendering computer skills with lodging and boarding facilities to disabled youth like me. I joined this institute immediately.

Computer skill brought me a job as Computer Operator in the office of Mamlatdar. My confidence was redoubled to do something unique that my labourer-parents are proud of. The PNR Society also gifted me tricycle. My grateful thanks to AT&T Park.





### માતા-પિતાએ મજુરી કરીને મને અહીં સુધી પહોંચાડયો

અમારા ગામમાં કોમ્પ્યુટર કોર્સ થતાં પણ મારી આર્થિક સ્થિતિ નબળી હોઈ, હું કોમ્પ્યુટર શીખવા જઈ શકતો ન હતો. એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં, મેં બેઝિક કોર્સમાં એડમિશન લીધું કે તુરંત મામલતદાર ઓફિસમાં કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકેનું કામ મળ્યું. મારું પણ એક સપનું છે કે સારી નોકરીએ લાગી જવું. તે માટે હું ઘણી મહેનત કરીશ. માતા-પિતાએ મજુરી કરીને મને અહીં સુધી પહોંચાડયો છે. હું પણ કંઈક કરી બતાવું, તે માટે મારામાં આત્મવિશ્વાસ જાગ્યો છે. સંસ્થાએ મને ટ્રાયસિકલ પણ આપી. મને સહાય કરવા બદલ હું સંસ્થાનો આભારી છું.